## ૨ પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના

❐ **હેતુ:** આકસ્મિક મૃત્યુ અને સંપૂર્ણ વિકલાંગતાના કિસ્સામાં રૂ. ૨ લાખનું વીમા રક્ષણ.

❐ **યોગ્યતા:** બધા જ બચત ખાતેદાર કે જેમની ઉંમર ૧૮ થી ૭૦ વર્ષ હોય તેવા લોકો આ યોજનામાં જોડાઇ શકેશે. વાર્ષિક પ્રિમિયમ વ્યક્તિ દીઠ રૂ.૧૨ રહેશે. ખાતાધારકના સંબંધિત બેંક એકાઉન્ટમાંથી પ્રિમિયમની રકમ "ઓટો ડેબિટ" થશે.

❐ **ફાયદાઓ:** આ યોજનામાં લાભ નીચે મુજબ છે.

| ક્રમ | લાભનો પ્રકાર | વીમા રાશી |
|---|---|---|
| ૧. | આકસ્મિક મૃત્યુ | રૂ. ૨ લાખ સુધી |
| ૨. | અકસ્માતમાં સંપૂર્ણ અને કાયમી, બંને આંખોની દ્રષ્ટિ ગુમાવવી અથવા અકસ્માતમાં બંને પગ અથવા બંને હાથ ગુમાવવા અથવા એક આંખની દ્રષ્ટિ ગુમાવવી અને એક પગ અથવા એક હાથ ગુમાવવો. | રૂ. ૨ લાખ સુધી |
| ૩. | એક આંખની નજર ગુમાવ્યેથી અથવા એક હાથ કે પગ બિન ઉપયોગી થયે | રૂ. ૧ લાખ સુધી |

❐ **કાર્યપધ્ધતિ:**

- અકસ્માત બાદ દાવો મૃત્યુના ૩૦ દિવસોની અંદર નિર્ધારિત દાવા ફોર્મમાં નીચે દર્શાવેલ પ્રમાણપત્રો / પુરાવાઓ સાથે વીમાધારકનું બેંક ખાતું જે બેંક શાખામાં હોય ત્યાં રજૂ કરવાનો રહેશે.
- વીમા ધારકના મૃત્યુના કિસ્સામાં પોસ્ટમોર્ટમ રીપોર્ટ અને મૃત્યુનું પ્રમાણપત્ર

❐ **અમલીકરણ એજન્સી:** જાહેરક્ષેત્રની સામાન્ય વીમા કંપનીઓ અને અન્ય વીમા કંપનીઓ દ્વારા બેંક મારફતે યોજનાનું અમલીકરણ કરવામાં આવશે.

Scanned by CamScanner